BRAMPTON

**Media Release**

ત્વરિત જાહેરાત માટે

# પ્રોવિંસના 2021 અંદાજપત્રમાં સીટી ઓફ બ્રૅમ્પટન હૉસ્પિટલનું વિસ્તરણ અને નવી પોસ્ટ સેકન્ડરી આરોગ્ય સંભાળની તકો

બ્રૅમ્પટન, ઓન્ટારિયો (24 માર્ચ 2021) – સીટી ઓફ બ્રૅમ્પટન પ્રોવિશ્યલ સરકારના અંદાજપત્રની આજની જાહેરાતને આવકારે છે જેમાં તેઓ વિલિયમ ઓસ્લર હેલ્થ સિસ્ટમના પીલ મેમોરિયલ સેન્ટર ફોર ઇન્ટિગ્રેટેડ હેલ્થ એન્ડ વેલનેસની નવી વિંગના વિસ્તરણ માટે ભંડોળ આપશે તેમજ રાયરસન યુનિવર્સિટીના સહયોગમાં તબીબી શિક્ષણની નવી ઇન્સ્ટિટ્યુટના વિકાસમાં નાણાકીય મદદ કરશે.

## પીલ મેમોરિયલ હૉસ્પિટલનું વિસ્તરણ

પ્રોવિંશ્યલ અંદાજપત્ર વિલિયમ ઓસ્લર હેલ્થ સિસ્ટમના પીલ મેમોરિયલની નવી ઇનપેશન્ટ વિંગના સર્જનને મદદ કરશે. પીલ તબક્કા IIને પુનર્જીવિત કરવાથી તે પૂર્ણ થશે ત્યારે બ્રૅમ્પટન સિવિક હૉસ્પિટલની અક્યુટ કેર સર્વિસિસમાં 90-100 મેડિસિનની પથારીઓથી તેની ક્ષમતામાં ઉમેરો થશે.

ઓસ્લરની દરખાસ્ત પીલ મેમોરિયલ ખાતે અરજન્ટ કેર સેન્ટરને 24/7 કામકાજ ચાલુ રાખવા માટે વિસ્તરણ કરવાની વિનંતી કરેલ જેનાથી સમાજ માટે તેની ક્ષમતામાં વધારો થશે. તેમાં અરજન્ટ કેર સેન્ટરને ઇમર્જન્સી ડિપાર્ટમેન્ટ તરીકે પુનઃનિયુક્ત કરવાનું પણ સામેલ છે જે પીલ તબક્કો II ના પૂર્ણ થવાથી પણ આગળ વધી શકે.

22 જાન્યુઆરી 2020ના રોજ સીટી ઓફ બ્રૅમ્પટને આરોગ્ય સંભાળ કટોકટી જાહેર કરી અને તેમનું હિમાયતી અભિયાન શરૂ કર્યું, "ફેર ડીલ ફોર બ્રૅમ્પટન" – જેમાં પ્રોવિંસ પાસેથી વધારાના ભંડોળ માટે વિનંતી કરી હતી જેથી બ્રૅમ્પટનની આરોગ્ય સંભાળમાં રહેલ ખાલીપો ભરી શકાય તેમાં સામેલ હતું, પીલ મેમોરિયલનો તબક્કો II (24/7 ઇમર્જન્સી ડિપાર્ટમેન્ટ અને વધારાની પથારીઓ) અને બ્રૅમ્પટન ખાતેની ત્રીજી આરોગ્ય સંભાળ ફેસિલિટી.

## નવું પોસ્ટસેકન્ડરી શિક્ષણ અને કૌશલ્ય તાલીમની તકો

સિટી વધુ વિસ્તૃત પોસ્ટસેકન્ડરી તકોને આવકારે છે જેમાં રાયરસન યુનિવર્સિટીમાં મેડિકલ ઇન્સ્ટિટ્યુશનનો સમાવેશ થાય છે. આ જાહેરાત અને પીલ મેમોરિયલના વિસ્તૃતિકરણને પગલે બ્રૅમ્પટનમાં આરોગ્ય સંભાળ કટોકટીને સંબોધી શકાશે અને તે સુનિશ્ચિત થશે કે આરોગ્ય સંભાળના પ્રેક્ટિશનરોની આગામી પેઢી શહેરમાં જ સ્થાનિક ધોરણે તાલીમ પામી શકશે.

આજની પ્રોવિંસ દ્વારા કરાયેલ જાહેરાત સિટી કાઉન્સિલના બ્રૅમ્પટન યુનિવર્સિટીના અનુગમનનું તેમજ બ્રૅમ્પટન ખાતે સંપૂર્ણપણે કાર્યરત મહાવિદ્યાલય લાવવા માટે ક્રિયાપૂરક છે.

**નવી શાળા અને બાળ સંભાળ માટેના સ્થળો**

પ્રોવિંસના અંદાજપત્રમાં બ્રૅમ્પટનમાં એક નવી અંગ્રેજી પ્રાથમિક શાળાની જોગવાઇ પણ છે જે 850 વિદ્યાર્થીઓને સેવા આપશે અને જેમાં 73 પરવાના સાથેના બાળ સંભાળ સ્થળોનો સમાવેશ થાય છે.

**અંદાજપત્ર હિમાયત**

સિટી ઓફ઼ બ્રૅમ્પટને પ્રોવિંસને 2021 અંદાજપત્ર માટે ઔપચારિક રજૂઆત ફ઼ેબ્રુઆરીમાં કરી હતી, જેમાં ચાવીરૂપ અગ્રિમતાઓની હિમાયત કરી હતી જેમાં સામેલ છે આરોગ્ય સંભાળ, ટ્રાન્ઝિટ (પરિવહન), ઇન્ફ઼્રાસ્ટ્રક્ચર અને પોસ્ટસેકન્ડરી શિક્ષણની તકો.

આજના અંદાજપત્ર પૂર્વે સિટીએ COVID-19 રોગચાળાના નાણાકીય પ્રભાવ સંબોધવા માટે મ્યુનિસિપલ ટ્રાન્ઝિટ સિસ્ટમોના વધારાના $15 મિલિયનના નીધિયનની જાહેરાતને આવકારી હતી. 2021 ના અંત સુધી સેફ઼ રિસ્ટાર્ટ અગ્રીમેન્ટ (Safe Restart Agreement) મારફ઼ત વિસ્તારિત નીધિયન એક સકારાત્મક પ્રગતિ છે અને તે એ જ બાબત છે જેની હિમાયત બ્રૅમ્પટને સિટીના 2021 અંદાજપત્રની રજૂઆત મારફ઼તે કરી હતી. સિટીને $14.6 મિલિયન $500 મિલિયનના ભાગ તરીકે પણ પ્રાપ્ત થયા જેની જાહેરાત ચાલુ રહેલ COVID-19 ના પ્રચાલન ખર્ચ માટે સુધરાઇઓને મદદ કરવા માટે થઈ હતી.

**સુવાક્યો**

"બ્રૅમ્પટનની COVID-19ના રોચાળામાંથી ફ઼રી બેઠા થવા માટે આપણા પ્રોવિંશ્યલ ભાગીદારો પાસેથી મળતા ભંડોળ અતિ મહત્ત્વપૂર્ણ છે અને અમે પીલ મેમોરિયલના તબક્કા II મારફ઼ત ઊભા થઈ રહેલ બીજા હૉસ્પિટલ અને ડાઉનટાઉન બ્રૅમ્પટનમાં તબીબી શિક્ષણની સંસ્થાનો વિકાસ કરવા માટે એમના આભારી છીએ. COVID-19નો રોગચાળાને કારણે બ્રૅમ્પટનની સમયસર અને સમાન આરોગ્ય સંભાળના ભંડોળની જરૂરિયાત વધુ તીવ્ર બની છે."

- *પૅટ્રિક બ્રાઉન, મેયર, સીટી ઓફ઼ બ્રૅમ્પટન*

"કૅનેડાના સૌથી યુવાન શહેર અને ઝડપી વિકાસ કરતા શહેરો પૈકી એક તરીકે આપણા યુવાનો માટે પોસ્ટસેકન્ડરી તકોને વિસ્તૃત કરવી અને આરોગ્ય સંભાળને સંબોધવા માટે આ ભંડોળ અતિમહત્ત્વપૂર્ણ અગ્રિમતાઓ તરીકે ઉભરી આવ્યું છે. શહેરના કર્મચારીઓએ સક્રિયપણે કાઉન્સિલની હિમાયતને આગળ ધપાવી છે જેથી પીલ મેમોરિયલ હૉસ્પિટલનો તબક્કો II અને નવી તબીબી કોલેજ મારફ઼તે પોસ્ટસેકન્ડરી તકો માટેની આજની જાહેરાત થઈ શકી છે. અમે તે સુનિશ્ચિત કરવા પ્રતિબદ્ધ છીએ કે બ્રૅમ્પટનના નિવાસીઓ માટે આોગ્ય અને સુખાકારી તેમજ શિક્ષણની તકો આકાર લઈ શકે."

- *ડેવિડ બારિક, ચીફ઼ એડમિનિસ્ટ્રેટિવ ઓફ઼િસર (David Barrick, Chief Administrative Officer), સિટી ઓફ઼ બ્રૅમ્પટન*

"ઓસ્લર અને સમાજ માટે આઆવકાર્ય સમાચાર છે અને અમે ચુંટાયેલ સ્થાનિક અધિકારીઓ સાથે ઓન્ટારિયો સરકાર, સમાજના સભ્યો અને અન્ય મદદગારોના આભારી છીએ કે તેઓએ આરોગ્ય સંભાળ અને હૉસ્પિટલના વિસ્તરણને બ્રૅમ્પટનની અગ્રિમતા બનાવી. આપણી પીલ

મેમોરિયલ સાઇટના વિસ્તરણ માટેના સતત ચલતા આયોજનથી અમે વધારાની હૉસ્પિટલની ક્ષમતા સર્જી શકીશું જેથી ઝડપથી વિકાસ પામતા આ પ્રાંતની જરૂરિયાતો પૂર્ણ થઈ શકે અને જે ઓસ્લર પીલ મેમોરિયલ સેન્ટર ફોર ઇન્ટિગ્રેટેડ હેલ્થ એન્ડ વેલનેસ પર હંમેશથી પૂરી પાડવામાં આવતી અસામાન્ય સંભાળ માટે ક્રિયાપૂરક ઠરશે.

- *ડૉ. નવિદ મોહમ્મદ, અધ્યક્ષ અને ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર, વિલિયમ ઓસ્લર હેલ્થ સિસ્ટમ*

"રાયરસન મહાવિદ્યાલય આજની ઓન્ટારિયો અંદાજપત્રમાં થયેલ જાહેરાત જે તબીબી શિક્ષણ માટેની નવી સંસ્થાના વિકાસ અને બ્રૅમ્પટન આરોગ્ય સંભાળના તંત્રના વિસ્તરણ માટે પ્રતિબદ્ધ છે તે માટે રોમાંચિત છે. અમે સિટી સાથે કાર્ય કરવા ઉત્સુક છીએ જેથી અમારી પોસ્ટસેકન્ડરી ક્ષમતામાં વધારો થાય અને અમે આવતી પેઢીને ઉચ્ચ ગુણવત્તાની શૈક્ષણિક તકો આપી શકીએ."

- *ડૉ. મોહમ્મદ લચેમી, અધ્યક્ષ અને ઉપ-કુલપતી, રાયરસન યુનિવર્સિટી*

-30-

**કૅનેડાના સૌથી ઝડપી વિકાસ કરતા શહેરો પૈકી એક તરીકે બ્રૅમ્પટનમાં 7,00,000 કરતા વધુ લોકો વસે છે અને તેમાં 75,000 વ્યવસાયો છે.** અમે જે કઈ કરીએ છીએ તેનો હાર્દ છે લોકો. અમને ઊર્જા મળે છે અમારા વિવિધ સમાજોમાંથી, અમે રોકાણ માટે આકર્ષણનું કેન્દ્ર છીએ અને અમે તકનિકી અને પર્યાવરણીય નવિનતા તરફ દોરી જતી યાત્રાનું નેતૃત્વ કરીએ છીએ. અમારી ભાગીદારી એવા નિરોગી શહેરના વિકાસ માટે છે જે સુરક્ષિત, ટકાઉ અને સફળ હોય. અમારી સાથે Twitter, Facebook, અને Instagramપર જોડાવ. વધુ જાણવા માટે www.brampton.ca.

**મિડિયા સંપર્ક:**
ગુરવિંદર સિંઘ (Gurvinder Singh)
કોઓર્ડિનેટર, મિડિયા એન્ડ કમ્યુનિટી ઍંગેજમેન્ટ
વ્યૂહાત્મક સંવાદ
સીટી ઓફ બ્રૅમ્પટન
905-874-2028 | Gurvinder.A.Singh@bramptonca